# ભાજપને ભાજપ ભારે પડ્યું : કોંગ્રેસને બગાસુ ખાતા પતાસુ મળ્યું

**પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે ટોઈંગવાનનો ખર્ચો મનપાને ઉઠાવવાની દરખાસ્તને દાખલ કરવાના મુદ્દે વાંધો લીધો તો કોંગ્રેસે પોલીસનો ઉપયોગ કાઉન્સીલરોને ડરાવવા માટે ભાજપ કરી રહી હોવાની વાત સાથે આક્ષેપોનો મારો ચલાવ્યો**








ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં ભાજપને ભાજપ જ ભારે પડતાં અને કોંગ્રેસને બગાસુ ખાતાં પતાસુ મળ્યુ જેવો ઘાટ થતાં સભા મુલત્વી રાખવામાં આવી હતી.

આજે બપોરે ૧૨ વાગે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી. આ બેઠકના પ્રારંભે નવા આવેલા મ્યુનિસિપલ કમિશનર ડૉ. રત્નકુંવર ગઢવી ચારણનો પરિચય આપી કાઉન્સીલરો અને મનપા વતી મેયર પ્રવિણ પટેલે સ્વાગત કર્યું હતું.

આ પછી સભામાં એજન્ડા પરની કાર્યવાહી શરૂ કરતાં પહેલા મ્યુનિસિપલ કમિશનર તરફથી આવેલ બે દરખાસ્તોને પૂરવણી એજન્ડા તરીકે સામેલ કરવાની મેયર પ્રવિણ પટેલે મંજૂરી માટે સામાન્ય સભા સમક્ષ મુકી હતી. આ પૈકી ટોઈંગ વાનની દરખાસ્તને લઈ સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે જ વિરોધ કર્યો હતો અને આ દરખાસ્ત દાખલ ના કરવી જોઈએ તેવો સૂર વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે ટોઈંગ વાનનું ભાડુ ૧૧ લાખ ૪૦ હજાર મનપા કેમ ચુકવે ? કામ પોલીસ વિભાગ કરે દંડ તે વસુલે આ યોગ્ય નથી.

બસ, આ પછી કોંગ્રેસના જીતુ રાયકા, અંકિત બારોટ, ચિમન વિંઝુડા, પિન્કીબેન પટેલ, જયરાજસિંહ વાઘેલાએ ભાજપા પર પૂરક પ્રશ્નોના આક્રમણની સ્થિતિ ઉભી કરી દીધી હતી. કોંગી સભ્યોએ તો ત્યાં સુધી આક્ષેપ કરી દીધો હતો કે અમને ડરાવવા માટે અને પરેશાન કરવા પોલીસનો ઉપયોગ કરવા આ ખર્ચ મનપાને ઉપાડવાની તાલાવેલી છે.

જયરાજસિંહ પરમાર અને પીન્કીબેન પટેલે તો આક્ષેપ કર્યો હતો કે અમારા મહિલા કાઉન્સિલરો તેમજ અન્ય કાઉન્સિલરોને દર ત્રણ દિવસે નોટીસ બજાવવા પોલીસ આવી જાય છે અને અંકિતના અપહરણમાં સંડોવાયેલા લોકો ખુલ્લેઆમ ફરે છે. અમે કંઈ ખૂનના આરોપીઓ તો નથી ને ?

અંકિત બારોટે પણ તેની ફરિયાદને બે મહિના થયા પછી પોલીસ ગુનેગારોને કેમ પકડતી નથી તેવો મુદ્દો ઉઠાવ્યો હતો. મેયર પ્રવિણ પટેલે કહ્યું કે, અપહરણની ઘટના અને આજની દરખાસ્ત અલગ બાબત છે. આવી રીતે જોડવાનો પ્રયાસ યોગ્ય નથી. કોંગ્રેસના સભ્યોને તેમનું સ્થાન લેવા તેમણે વારંવાર વિનંતી પણ કરી હતી પરંતુ સભ્યો માન્યા ન હતા. તેમણે એવી વાતનો ખુલાસો કર્યો હતો કે તમે તમારા પક્ષના જ સભ્યોને પુછો પછી અમારી વાત સાંભળો પરંતુ તમારે અમારી વાત તો સાંભળવી જ પડશે. અમે પોલીસની કામગીરીને લઈ વાત કરી રહ્યા છીએ. પુનઃ મનુભાઈ પટેલે ઉભા થઈ પોતાની વાત દોહરાવી હતી અને આ દરખાસ્ત દાખલ કરવાપાત્ર થતી જ નથી. આ યોગ્ય નથી. મેયર પ્રવિણ પટેલે તેનો સ્વીકાર પણ કર્યો હતો પરંતુ કોંગ્રેસે હલ્લાબોલ ચાલુ રાખતાં જ તેમણે પરિસ્થિતિ વણસે તેવું જણાતાં જ સભા મોકુફ રાખવાની જાહેરાત કરી અને પોતાની કચેરી તરફ ચાલવાનું શરૂ કર્યું હતું. જો કે કોંગ્રેસે આ પછી સભામાં લઈ આવેલા પ્લેકાર્ડ બતાવવાનો પ્રયાસ કર્યો હતો.

## મ્યુનિસિપલ કમિશનરને કોંગી કાઉન્સિલરોએ રજૂઆત કરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મનપાના મહિલા કાઉન્સિલરોને પોલીસ દ્વારા કરવામાં આવી રહેલી કનડગત અને દર સપ્તાહે નોટીસો મોકલવાની કામગીરીને લઈ આજે કોંગ્રેસના કાઉન્સિલરોએ કમિશનરશ્રી ડૉ. રતનકુંવર ગઢવી ચારણને મળી રજૂઆત કરી હતી.

જીતુ રાયકા, ચિમનભાઈ વિંઝુડાના નેતૃત્ત્વમાં કાઉન્સિલરો સામુહિક રીતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. કાઉન્સિલરોએ તેમની રજૂઆતમાં અંકિત અપહરણમાં સંડોવાયેલા આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે તેમને પોલીસ પકડતી નથી કે કાર્યવાહી કરતી નથી જ્યારે જુના કેસો ખોલી અને મહિલા કાઉન્સિલરોને જ જવાબ લખાવા આવી જાવ તેવું કહી ડરાવવામાં આવે છે એ વાત યોગ્ય નથી.

## રંગમંચના ભાડા વધારાની દરખાસ્ત રહી ગઈ : પ્રજાને ફાયદો થશે : મેયર

**સભ્યોને વારંવારની સૂચનાનો અમલ ન કરતા મારી પાસે વિકલ્પ ન હતો**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા મુલત્વી રાખવાની જાહેરાત બાદ પત્રકારો સાથેની વાતચીતમાં એક સામાન્ય નાગરિક તરીકેનો પ્રતિભાવ આપતાં મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે, આજના મૂળ એજન્ડામાં રંગમંચોના ભાડા વધારાની દરખાસ્ત હતી જે અટકી છે તેનો સીધો ફાયદો નગરજનોને થશે.

તેમણે જણાવ્યું હતું કે, પગાર - ભથ્થા વધારાની વાત પણ હતી પરંતુ કાઉન્સિલરો કોઈ જ વાત સાંભલવાના મૂડમાં ન હતા. તેમણે જણાવ્યું હતું કે, સભા મુલત્વી એટલા માટે રાખવી પડી હતી કે એક પછી એક રજૂઆત કરવા મેં જણાવ્યું હતુ પરંતુ વિપક્ષો માનતા ન હતા અને ચાર જેટલા સભ્યો એક સાથે બોલતા હતા તો અન્ય સભ્યો પણ બોલવા માટે ઉભા થવાનો પ્રયત્ન કરતા જણાયા હતા. વાતાવરણ ને અશાંત કરવાનો પ્રયાસ થયો હોય તેવું સ્પષ્ટ બનતું જણાતાં મેં સભા મુલત્વી રાખવાનો નિર્ણય કર્યો હતો.

## જ-૫ થી ક-૫ સુધીના માર્ગને ૪.૩૯ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

**૭ કી મીના આ માર્ગનુ રીસરફેસીંગ વાઇબ્રન્ટ બાદ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧

શહેરમાં હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને મુખ્ય માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે માર્ગ સુશોભનનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ હજુ પણ નગરના માર્ગોના રીસરફેસીંગનુ કામ બાકી છે. નગરના જ-૫ થી ક-૫ ના ૭ કી મીના માર્ગનુ પણ વાઈબ્રન્ટ બાદ રીસરફેસીંગ હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪.૩૯ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં હાલ માર્ગ સુધારણાના કામો આખરી તબક્કામાં છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરમાં મુખ્યમાર્ગો સહીતના આડા રસ્તાઓને પણ ચકાચક કરી દેવાયા છે. જયારે માર્ગ સુધારણા ઉપરાંત રોડ ફર્નિચર અને સુશોભનની કામગીરી પણ તેજ ગતિએ હાથ

● અનુસંધાન પાન-૭ પર

## નગરના પાર્કીંગ પ્લેસની ડિઝાઇન બદલાશે

**ડિઝાઈન બદલવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે : જગ્યાનો મહત્તમ ઉપયોગ થાય તે માટે કાર્મશિયલ કોમ્પેલક્ષ પાસે સ્થિત પાર્કીંગ પ્લેસની ડિઝાઇન બદલાશે : નડતરરૂપ દબાણો દુર કરવા પણ અનિવાર્ય**

ગાંધીનગર તા ૧

શહેરના પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો હોવાના લીધે પુરતા ઉપયોગી થતા નથી. જયારે પાર્કીંગ પ્લેસની ડિઝાઈન પણ જગ્યાને અનુરૂપ ન હોવાનુ અભ્યાસના અંતે ધ્યાને આવતા તંત્ર દ્વારા આ ડિઝાઈન બદલવા માટે પણ પાર્કીંગ પ્લેસનુ કામ ટુંકમાં હાથ ધરાશે.

શહેરના પાર્કીંગ પ્લેસની સુધારણા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષોને અનુલક્ષી અગાઉના વર્ષોમાં પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા હતા. પરંતુ આ પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાઈ જતા પાર્કીંગ વ્યવસ્થા યોગ્ય થઈ શકી ન હતી. નગરના સે-૧૧ , સે-૨૧ અને સે-૧૬ સહીતના વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા હતા. આ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા પાછળ લાખોનો ખર્ચ કરાયો હતો. જયારે પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા બાદ આ ઠેકાણે લારી ગલ્લા ગોઠવાતા સ્થાનિકો માટે પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બની હતી. જેને અનુલક્ષી શરૂઆતના તબક્કામાં પોલીસ પહેરો ગોઠવીને પાર્કીંગ વ્યવસ્થા યોગ્ય કરવામાં આવી હતી. પરંતુ ટુંકા ગાળામાં જ જૈસે થૈ ની સ્થિતિ ઉભી થતા પાર્કીંગનો પ્રશ્ન યથાવત રહ્યો હતો. આ સ્થિતિ વચ્ચે હાલ નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સાંકડા માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સાંકડા સર્વિસ રોડ પર વારંવાર ટ્રાફિક જામ થાય છે.આમ નાગરિકોને પાર્કીંગની

● અનુસંધાન પાન-૭ પર

## આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા જોગ

**રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના નવા પરવાના મેળવવા / રીન્યુ કરવા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે**

ગાંધીનગર, તા.૧

રાજય સરકારશ્રી દ્વારા રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના નવા પરવાના મેળવવા અથવા રિન્યુ કરવા માટેની અરજી તથા જરૂરી દસ્તાવેજોની માહિતી ઓનલાઈન મળી રહે તથા સરકાર દ્વારા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ' અંતર્ગત રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના પરવાના મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની સુવિધા સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

.ારીક્ષ્ઠે.પ્ષ્ઠદ્બટ્ઠિ.ર્ખ્તદૃ.હ ઉપર 'ફર્ટીલાઈઝર, સીડ, પેસ્ટીસાઈડના લાયસન્સ માટે અલગથી લિન્ક આપવામાં આવેલ છે. જેમાં રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના નવા પરવાના મેળવવા અથના રિન્યુ કરવા માટે પરવાનેદાર દ્વારા સૌપ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે. ત્યાર બાદ યુઝર આઈ.ડી. અને પાસવર્ડનો ઉપયોગ કરીને ડીલર તરીકે લોગઈન થઈને માંગ્યા મુજબની વિગતો ભરવાની રહેશે. અલગ અલગ પરવાના માટે ક્યાં જરૂરી સાધનિક કાગળો લાગશે તેની વિગતો અને ફીના દરની વિગતો પણ અલગથી પોર્ટલ ઉપર મુકવામાં આવેલ છે. જે મુજબ તા.૧લી જાન્યુઆરીથી રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના નવા પરવાના મેળવવા તથા રીન્યુ કરવા માટે ઓનલાઈન અરજી કરવા જિલ્લાના તમામ વિક્રેતાઓને નાયબ ખેતીનિયામક (વિ.) ગાંધીનગર દ્વારા જણાવવામાં આવેલ છે.

## કાતિલ ઠંડીનું મોજું યથાવત લઘુત્તમ તાપમાન ૭.૪ ડિ.સે.

ગાંધીનગર, તા.૧



મહત્તમ તાપમાન વધ્યું હોવા છતાં રાત્રી દરમિયાન કાતિલ ઠંડી યથાવત રહી છે. છેલ્લા પંદર દિવસથી આકરી ઠંડીનું મોજું ફરી વળતાં વસાહતીઓને ના છુટકે ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડે છે.

સમગ્ર ઉત્તરભારત કાતિલ ઠંડીના સકંજામાં જકડાઈ ગયું છે. કાશ્મીર અને હીમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં સતત બરફવર્ષા થઈ રહી છે. અહીંના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્ય ડિગ્રીની નીચે જતું રહ્યું છે. આ વર્ષે ઠંડીએ પાછલા બધા જ વર્ષોના રેકોર્ડ તોડી દીધા છે. છેક મધ્યપ્રદેશ સુધી આકરી ઠંડી પડી રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશના પર્વતીય વિસ્તારોમાં બરફવર્ષા પણ થઈ છે. ગુજરાતમાં પણ અગાઉના તમામ રેકોર્ડ ઠંડીએ તોડી નાંખ્યા છે. સમગ્ર જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં હીલ સ્ટેશનનું વાતાવરણ અનુભવાઈ રહ્યુ છે. જો કે ખુલ્લામાં રહેતા શ્રમજીવી પરિવારો આકરી ઠંડીથી હેરાન પરેશાન થયેલા જોવા મળી રહ્યા છે. રાત્રિ દરમિયાન ફૂંકાતો ઠંડો પવન હાડ થીવી નાંખે તેવી ઠંડીનો અનુભવ કરાવે છે.

મહત્તમ તાપમાન બે દિવસથી થોડુંક વધ્યું છે. આથી દિવસે ઠંડીમાં થોડીક રાહત મળી છે. દિવસે જ ઠંડા જે પવનો ફૂંકાતા હતા તે બંધ થતા વસાહતીઓ ઘરની બહાર નીકળતા થાય છે. જો કે લઘુત્તમ તાપમાન છેલ્લા ચાર પાંચ દિવસથી ૬ કે ૭ ડિગ્રીની વચ્ચે ફરી રહ્યું હોવાથી વસાહતીઓ હજુ પણ રાત્રે ખૂબ ઠંડી અનુભવે છે. દ્વિચક્રી વાહન પર ઘરની બહાર નીકળવું દુષ્કર બની ગયું છે. વહેલી સવારે શાળાએ જતાં વિદ્યાર્થીઓ ટાઢમાં ઠુંઠવાઈ જાય છે. હજુ ઉત્તરાયણ સુધી ઠંડીમાં રાહત મળવાના કોઈ ચિહ્નો નથી.

## મહાત્મા મંદિરના સંકુલમાં પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧

વાઈબ્રન્ટ સમિટને ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી નગરમાં હાલ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે સે-૧૭ મેગા એકઝિબીશન સેન્ટરના માર્ગોની સુધારણા બાદ હાલ મહાત્મા મંદિર સંકુલના માર્ગોનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. નગરના મુખ્યમાર્ગોનુ પણ રીસરફેસીંગ કરી હાલ સુશોભનને લગતી કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સે-૧૭ ના હેલીપેડ મેદાન પર બનાવાયેલા વિવિધ ડોમ્સ આસપાસના રસ્તાઓને પણ ચકાચક કરી દેવાયા છે. જેથી

**વાઇબ્રન્ટને અનુલક્ષી સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટરના રસ્તાઓનુ પણ રીસરફેસીંગ કરાયુ**

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સે-૧૭ સ્થિત એકઝીબીશન સેન્ટર પાસે પણ માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી આગામી સમિટ દરમિયાન મેગા એકઝિબીશનમાં આવનારા મુલાકાતીઓ અને મહાનુભાવો

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતા **નેનાજી આતાજી ઠાકોર**નું તા. ૧/૧/૨૦૧૯ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩/૧/૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૨-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : તરપોજ ઠાકોર વાસ, રામાપીરના મંદિરની સામે, મુ. પો. પેથાપુર, તા. જી. ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| સ્વ. લક્ષ્મણજી આતાજી ઠાકોર (ભાઈ) | કાળાજી નેનાજી ઠાકોર (પુત્ર) |
| કેશાજી આતાજી ઠાકોર (ભાઈ) | શંકરજી નેનાજી ઠાકોર (પુત્ર) |
| સ્વ. જેસંગજી આતાજી ઠાકોર (ભાઈ) | પોપટજી નેનાજી ઠાકોર (પુત્ર) |
| ગાંડાજી માધાજી ઠાકોર (ભાઈ) | રણછોડજી નેનાજી ઠાકોર (પુત્ર) |
| સ્વ. શંકરજી માધાજી ઠાકોર (ભાઈ) | જશુજી નેનાજી ઠાકોર (પુત્ર) |
| અનિલ, નયન (પૌત્રો) | સોનલબેન શૈલેષજી ઠાકોર (પુત્રી) |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com